# સમેલિયે

સમેલિયે એ પ્રશિક્ષિત વાઈન પ્રોફેશનલ છે, જે સામાન્ય રીતે ઉચ્ચ શ્રેણીની અથવા ફાઈન ડાઈનિંગ રેસ્ટોરન્ટમાં કામ કરે છે. રેસ્ટોરન્ટના મુલાકાતીઓ માટે ફલોર સર્વિસની દેખરેખ રાખવા માટે રેસ્ટોરન્ટની વાઈન સૂચિ બનાવવાથી શરૂ કરીને, વાઈન સેવાના દરેક પાસાઓ માટે સમેલિયેઝ જવાબદાર છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે બધા સાથે સહજતાથી વાત કરી શકો છો
- તમે સંભાળપૂર્વક અને સુવ્યવસ્થિત રીતે કામ કરનાર વ્યક્તિ છો
- તમને વસ્તુઓનું વેચાણ કરવું પસંદ છે
- લોકોને પ્રભાવિત કરવાનો અથવા સમજાવવાનો પ્રયાસ કરવો તમને ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬૦,૦૦૦ થી ૭૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. વાઈન ટેસ્ટિંગમાં ડિપ્લોમા કરો.

**અથવા**

વાઈન ટેક્નોલોજીમાં સ્નાતકની ડિગ્રી મેળવો અને ત્યારબાદ વાઈન ટેસ્ટિંગમાં પ્રમાણપત્ર કોર્સ કરો.

**અથવા**

વાઈન ટેક્નોલોજી અથવા અન્ય કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતક પૂર્ણ કરો, આંતરરાષ્ટ્રીય સંસ્થામાંથી સ્પેશિયલાઈઝેશન કોર્સ અથવા વાઈન અને ગેસ્ટ્રોનોમી / સસ્ટેનેબલ વિટીકલ્ચર અને ઈનોલોજીમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

સમેલિયેનું માસિક પગાર મહિને આશરે **રૂ. ૧૦,૦૦૦ થી ૪,૧૭,૦૦૦*** જેટલો હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Sommelier/Salary?loggedIn

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બ્રૂઅરીઝ, ઉચ્ચ શ્રેણીની રેસ્ટોરાં, હોસ્પિટાલિટી અને ટુરિઝમ સેક્ટર (જેમ કે ક્રૂઝ).

**ઉદ્યોગ સાહસિકતા:** તમે વાઈન લેખક, વાઈન વિવેચક બનવાનું અથવા તમારી પોતાની બ્રુઅરી શરૂ કરવાનું પસંદ કરી શકો છો

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે કાં તો બાર અથવા વાઈન શોપ અથવા રેસ્ટોરન્ટ અથવા વાઈનના વેચાણ સાથે સંકળાયેલા વ્યવસાયમાં કામ કરશો. જ્યારે રેસ્ટોરાં સૌથી વધુ વ્યસ્ત હોય ત્યારે તમે સાંજ અને સપ્તાહાંતમાં વધુ કલાકો સુધી કામ કરો તેવી શક્યતા છે. તમે વાઈન ઉત્પાદકોને મળવા અને નવી વાઈન વિશે જાણવા માટે વાઈન ઉત્પાદક પ્રદેશોની મુસાફરી કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પ્રારંભિક સમેલિયે → પ્રમાણિત સમેલિયે → એડવાન્સ્ડ સમેલિયે → માસ્ટર સમેલિયે

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

વાઈન સમેલિયે, હેડ સમેલિયે, આસિસ્ટન્ટ હેડ સમેલિયે

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**કોર્સ ઉપલબ્ધ કરાવતી સંસ્થાઓની યાદી.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ઈન્ડિયન વાઈન એકેડમી, દિલ્હી
૨. મણિપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન (એમ.એ.એચ.ઈ.), મણિપાલ
૩. ઈન્સ્ટિટ્યુટ ફોર વાઈન એન્ડ બેવરેજ સ્ટડીઝ (આઇ.ડબલ્યુ.બી.એસ.), દિલ્હી
૪. વાઈન એકેડમી ઓફ ઈન્ડિયા (ડબલ્યુ.એ.આઇ.), ચેન્નાઈ
૫. તુલીહો વાઈન એકેડમી, બેંગલોર, મુંબઈ અને દિલ્હી
૬. સોના હોલેન્ડ વાઈન એકેડમી, મુંબઈ
૭. સેક સમેલિયે એકેડમી, હરિયાણા

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- mybharat.gov.in
- https://anubandham.gujarat.gov.in



મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**કરિશ્મા ગ્રોવર** કેલિફોર્નિયા યુનિવર્સિટી, ડેવિસમાંથી વિટીકલ્ચર અને ઈનોલોજીમાં સ્નાતકની ડિગ્રી સાથે વાઈનમેકર અને સમેલિયે છે. તે ભારતની પ્રથમ મહિલા વાઈન નિર્માતા છે અને હાલમાં ડિ.એ.ઓ.યુ. ફેમિલી એસ્ટેટની બ્રાન્ડ મેનેજર છે, જે વાઈનમેકિંગ કંપની છે.*

સ્રોત: https://guns2gewurztraminer.com/karishma-grover/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.